Monday
02.01.2023
*Volume :7 * Issue No.153
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-



# પ્રધાનમંત્રી ૩જી જાન્યુઆરીએ ૧૦૮મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસને સંબોધન કરશે

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૩જી જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે ૧૦૮મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ(ISC)ને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધન કરશે. આ વર્ષની ISCની ફોકલ થીમ "મહિલા સશક્તિકરણ સાથે ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન અને ટેકનોલોજી" છે. તે ટકાઉ વિકાસ, મહિલા સશકિતકરણ અને તેને હાંસલ કરવામાં વિજ્ઞાન અને ટેકનોલોજીની ભૂમિકાના મુદ્દાઓ પર ચર્ચાનું સાક્ષી બનશે. સહભાગીઓ મહિલાઓને STEM (વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ, ગણિત) શિક્ષણ, સંશોધનમાં સમાન એક્સેસ પ્રદાન કરવાના માર્ગો શોધવાનો પ્રયાસ કરવા સાથે શિક્ષણ, સંશોધન અને ઉદ્યોગની તકો અને આર્થિક ભાગીદારી ઉચ્ચ સ્તરે મહિલાઓની સંખ્યા વધારવાના માર્ગો પર ચર્ચા કરશે અને વિચાર-વિમર્શ કરશે. વિજ્ઞાન અને ટેકનોલોજીમાં મહિલાઓના યોગદાનને દર્શાવવા માટેનો એક વિશેષ કાર્યક્રમ પણ યોજાશે, જેમાં જાણીતા મહિલા વૈજ્ઞાનિકોના પ્રવચનો પણ જોવા મળશે. ISCની સાથે અન્ય કેટલાક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવશે. બાળકોમાં વૈજ્ઞાનિક રસ અને સ્વભાવને ઉત્તેજીત કરવા માટે ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસનું પણ આયોજન કરવામાં આવશે. ખેડૂત વિજ્ઞાન કોંગ્રેસ બાયો-ઈકોનોમીમાં સુધારો કરવા અને યુવાનોને કૃષિ તરફ આકર્ષવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડશે. આદિજાતિ વિજ્ઞાન કોંગ્રેસ પણ યોજવામાં આવશે, જે આદિવાસી મહિલાઓના સશકિતકરણ પર ધ્યાન કેન્દ્રીત કરવા સાથે સ્વદેશી પ્રાચીન જ્ઞાન પ્રણાલી અને વ્યવહારના વૈજ્ઞાનિક પ્રદર્શન માટેનું પ્લેટફોર્મ પણ હશે. કોંગ્રેસનું પ્રથમ સત્ર ૧૯૧૪માં યોજાયું હતું. ISCનું ૧૦૮મું વાર્ષિક સત્ર રાષ્ટ્રસંત તુકડોજી મહારાજ નાગપુર યુનિવર્સિટીમાં યોજાશે, જે આ વર્ષે તેની શતાબ્દી પણ ઉજવી રહી છે.



# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની નવી દિલ્હી ખાતે મુલાકાત લેતા રાજયપાલ શ્રી

મહર્ષિ દયાનંદ સરસ્વતીની ૨૦૦ ની જન્મ જયંતિ સંદર્ભે આર્ય સમાજ દ્વારા પ્રસ્તાવિત કાર્યક્રમથી પ્રધાનમંત્રીશ્રીને માહિતગાર કરતા રાજયપાલશ્રી



કમલમ્ ન્યુઝ,

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે આર્ય સમાજના શિષ્ટ મંડળની સાથે નવી દિલ્હી ખાતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ ગુજરાતની પાવન ધરા પર જન્મ લઈને આર્ય સમાજની સ્થાપના દ્વારા વૈદિક સંસ્કૃતિની પુન:સ્થાપના માટે સ્વાર્પણ કરનારા ઋષિ દયાનંદ સરસ્વતીની આગામી ૨૦૦મી જન્મ જયંતી પ્રસંગે આર્ય સમાજ દ્વારા આયોજિત પ્રસ્તાવિત કાર્યક્રમોથી પ્રધાનમંત્રીશ્રી ને માહિતગાર કર્યા હતા. આ મુલાકાત દરમિયાન આર્ય સમાજના અગ્રણીઓ ઉપરાંત રાજ્યપાલશ્રીના ખાસ ફરજ પરના અધિકારી ડો. રાજેન્દ્ર વિદ્યાલંકાર પણ સાથે રહ્યા હતા.

# રાજકોટના રેસકોર્સ મેદાન ખાતે હનુમાન ચાલીસા યુવા કથાની ભાવભર ઉજવણી થઈ

કમલમ્ ન્યુઝ,રાજકોટ,

રાજકોટના રેસકોર્સ મેદાન ખાતે ચાલી રહેલી હનુમાન ચાલીસા યુવા કથાના પાંચમા દિવસે હનુમંત જન્મ મહોત્સવની ભાવભર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૫ વર્ષથી માંડી ૯૫ વર્ષ સુધીના ૭૦ હજારથી પણ વધુ લોકો 'જયશ્રી રામ'ના ગીત પર ઝૂમ્યા હતા. એક તરફ પશ્ચિમની સંસ્કૃતિનું અનુકરણ કરી ઠેર ઠેર ૩૧મી ડિસેમ્બરની ઉજવણી કરવામાં આવી રહી હતી. તો બીજી તરફ હજારો લોકોએ એકઠા થઈ ૩૧મી ડિસેમ્બરની ઉજવણી હનુમંત જન્મોત્સવમાં ભાગ લઈ કરી હતી. અનેક લોકો પોતાનાં બાળકોમાં વીર હનુમાન જેવા ગુણો વિદ્યમાન થાય તે માટે પોતાનાં બાળકોને હનુમાનજી મહારાજ જેવા પોશાક પહેરાવી કથા સ્થળે લાવ્યા હતા. આ તકે અનેક સંપ્રદાયના સંતો-મહંતોએ હાજરી આપી હતી. હનુમંત જન્મ મહોત્સવ અંતર્ગત ૫૧ કિલોની ગદા આકારની કેક દાદાને ધરાવવામાં આવી હતી અને સાથે ૧૦૮ કિલો પુષ્પની વર્ષા હનુમંત દાદા, તેમજ સંતો અને ભક્તો પર કરવામાં આવી હતી. દાદાને ભવ્યાતિભવ્ય અન્નકૂટ પણ ધરાવવામાં આવ્યો હતો. તેમજ આજના દિવસે ૫૧ કિલો ચોકલેટ પણ દાદાને ધરાવવામાં આવી હતી. દાદાનો જન્મોત્સવ હોય જેના કારણે સભા મંડપને ફૂલો તેમજ ફુગ્ગાથી પણ સજાવવામાં આવ્યો હતો. કથા વકતા હરિપ્રકાશદાસ સ્વામીએ જણાવ્યું હતું કે, આ જગતમાં કહેવાય છે કે રંગીલું રાજકોટ, પણ આજેપ્રત્યેક્ષ જનતાએ રાજકોટ રંગીલું હોવાનું દેખાડ્યું છે. પાશ્ચાત્ય સંસ્કૃતિમાં આજનો આપણો યુવાન ખોટા રસ્તે ચડી થર્ટી ફર્સ્ટ ઊજવતોહોય છે. ત્યારે રંગીલા રાજકોટે સાબિત કરી બતાવ્યું છે કે, આપણા સંસ્કાર, આપણી પરંપરા આ છે. આજે રાજકોટમાં દાદાના નામથી થર્ટી ફર્સ્ટ ઊજવાય છે. ૨૦૨૩નું વર્ષ પણ દાદાના નામથી આધ્યાત્મિક રીતે શરૂ કર્યું છે. દાદાના જન્મોત્સવમાં રેસકોર્સ ગ્રાઉન્ડ નાનું પડી ગયું હતું. ૫ વર્ષના બાળકથી લઈને ૯૫ વર્ષના દાદા સુધીના લોકો હનુમાન જન્મોત્સવમાં ભાવથી નાચતા હતા. આજે આનંદ હતો તે આધ્યાત્મિક હતો. આનો થાક ન લાગે, દિવસે ને દિવસે આ આનંદ વધતો જાય છે. હરિપ્રકાશદાસ સ્વામીએ વધુમાં જણાવ્યું હતું કે, આપણે હિન્દુ સંસ્કૃતિના યુવાનો છીએ. આપણે કોઈનું ખરાબ પણ ઈચ્છતા નથી



પણ આપણું એટલું બધું સારું છે કે બીજાનું સ્વીકાર કરવાની જરૂર પણ નથી. ભગવાન કૃષ્ણ પણ કહી ગયા છે કે, પોતાના ધર્મની અંદર જે કાંઈ હોય તેમાં જ રહેવું. આજના યુવાનોને એટલી જ અપીલ કરીશ કે આપણે જો આપણા મૂળને જ વળગી રહેશું તો કોઈની તાકાત નથી કે આપણને દુ:ખી કરી શકે. તમારે પ્રગતિ કરવી હોય તો હનુમાન ચરિત્ર વાંચજો. રાજકોટના યુવાન હાર્દિક મહેતાએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી અમે અલગ અલગ જગ્યા પર નવી નવી જગ્યાએ ૧૫૦૦થી ૨૦૦૦ રૂપિયા ખર્ચી પાસ ખરીદ કરી જતા હતા. જો કે મારા જેવા મોટાભાગના બધા લોકો એ ભૂલી ગયા હતા કે આ આપણું નવું વર્ષ નથી. આજે રાજકોટમાં ચાલતી હનુમાન ચાલીસા કથામાં હનુમાન દાદાનો જન્મોત્સવ હતો, માટે અમે ૩૧ ડિસેમ્બરની ઉજવણી રેસકોર્સ મેદાન ખાતે હનુમાન જન્મોત્સવમાં કરી હતી. ત્યાં અમે ગરબે ઘૂમી કેક કાપી હતી અને છેલ્લે સુધી ભગવાન શ્રી રામ અને હનુમાનજીનાં ભજન, ગીતો સાથે આજના દિવસની ઉજવણી કરી હતી. સંપૂર્ણ માહોલ અતિ ધાર્મિક બની ગયો હતો. જો કે મેં મારી લાઈફમાં આવી થર્ટી ફર્સ્ટની ઉજવણી ક્યારેય કરી નથી. આજની ઉજવણીમાં અતિ આનંદ આવ્યો છે. ઈતિહાસમાં પ્રથમ વખત યુવાનો ૩૧મી ડિસેમ્બરની ઉજવણી પશ્ચિમ સંસ્કૃતિ તરફ વળી રહેલા લોકોને એક સારો સંદેશો પાઠવી ભારતીય સંસ્કૃતિને વળગી રહેવા માટે અપીલ કરવામાં આવી હતી. હનુમાનજીના જન્મોત્સવમાં એકસાથે ૭૦ હજારથી પણ વધુ લોકો જોડાયા હતા. રેસકોસ ગ્રાઉન્ડમાં મોટી સંખ્યામાં આજે લોકો ઊમટી પડ્યા હતા.

# શ્રી વિસામણબાપુ,પાળીયાદની સ્મૃતિરૂપે સ્મારક ટપાલ ટિકિટનું વિમોચન કરતા કેન્દ્રીય મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલા




કમલમ્ ન્યુઝ,

મત્સ્ય ઉદ્યોગ, પશુપાલન અને ડેરી ઉદ્યોગ વિભાગના કેન્દ્રીય મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલાના વરદહસ્તે આજરોજ પાળીયાદના પૂજ્ય શ્રી વિસામણબાપુની સ્મૃતિરૂપે ભારત સરકારના પોસ્ટવિભાગ દ્વારા સ્મારક ટપાલ ટિકિટનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ અવસરે કેન્દ્રીય મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ સ્મારક ટપાલ ટિકિટનું વિમોચન કરતાં જણાવ્યું હતું કે, કુંભ મેળામાં જવાનો અવસર મળે કે ન મળે પરંતુ આજે આ સાધુ-સંતોના મીની કુંભ મેળાના દર્શન થયા. ટપાલ ખૂબ જ સુંદર શબ્દ છે. ૧૫ પૈસામાં કાશ્મીરથી કન્યાકુમારી સુધી સમાચાર પહોંચાડી શકાય તેવી સુંદર વ્યવસ્થા ટપાલ વિભાગ જ કરી શકે. આ સ્મારક ટપાલ ટિકિટનું વિમોચન થતાં હવે વિશ્વને પણ વિસામણ બાપુનો પરિચય થશે. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે આ ટપાલ ટિકિટનું વિમોચન કરવાનો પોસ્ટ વિભાગનો સંકલ્પ સિદ્ધ થયો છે. આ અવસરે શ્રી રૂપાલાએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર માનતા કહ્યું હતું કે,એક કાઠિયાવાડી તરીકે હું વડાપ્રધાનશ્રીને અભિનંદન આપું છું, તેમના પ્રબળ નેતૃત્વને કારણે વિશ્વ ફલક પર આપણો દેશ તમામ ક્ષેત્રોમાં મહત્વનું યોગદાન આપી રહ્યો છે. વધુમાં કેન્દ્રીય મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, દેશને એક રાખવાનું કાર્ય સાધુ-સંતોએ કર્યુ છે. સંતો અને સૂરાની ભૂમિમાંથી પ્રબળ ચેતના મળે છે. પશુપાલન મંત્રી તરીકે મને ગર્વ છે કે આ સંસ્થા આપણી વિરાસત સમાન પશુધનનું સુંદર રીતે જતન કરી રહી છે. આ પ્રસંગે કેન્દ્રીય સંચાર મંત્રી(રાજ્ય કક્ષા)શ્રી દેવુસિંહજી ચૌહાણે જણાવ્યું હતું કે, 'ટુકડો ત્યાં હરિ ઢૂકડો'ની આપણી પરંપરા પર ગર્વની લાગણી થાય છે. શ્રી વિસામણબાપુની જગ્યા સમગ્ર ભારત માટે આસ્થાનું કેન્દ્ર બની છે. શ્રી દેવુસિંહજીએ ટપાલ ટિકિટ વિમોચનના આ પ્રસંગને અવિસ્મરણીય ગણાવતા જણાવ્યું હતું કે, આ પ્રસંગને તેઓ ક્યારેય નહીં ભુલી શકે. આ તકે ચીફ પોસ્ટ માસ્ટરશ્રી નીરજ કુમારે પ્રાસંગિક સંબોધન કરતા જણાવ્યું હતું કે, સાંસ્કૃતિક વારસાનું જતન કરવાની ભારતીય પોસ્ટ વિભાગની પરંપરા રહી છે.પોસ્ટ વિભાગના તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ આ પ્રસંગથી અભિભૂત થયા છે. આ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માતા હીરાબાને સાધુ-સંતો, ઉપસ્થિત મહાનુભાવો અને ગ્રામજનોએ રામ ધૂન દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. કાર્યક્રમમાં શ્રી ૧૦૦૮ મહામંડેલશ્વરશ્રી નિર્મળાબા ઉનડબાપુ અને શ્રી મુકતાનંદ બાપુએ આશીર્વચન આપ્યા હતાં. કાર્યક્રમની સમાપન વિધિ શ્રી ભયલુબાપુ દ્વારા કરવામાં આવી હતી.

આ વેળાએ ધંધુકાના ધારાસભ્યશ્રી કાળુભાઈ ડાભી,બોટાદ જિલ્લાના પોલીસ અધિક્ષકશ્રી કિશોરભાઈ બળોલિયા, સાધુ-સંતો તેમજ મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

